apro/ug/2014/03/01/vj

सत्यमेव जयते

તા. ૦૧-૦૩-૨૦૧૪

## સંદેશ

**શ્રી રંગબાળને ૬૧મા જન્મોત્સવે શુભેચ્છા...**

પાપ-તાપ અને સંતાપ સંત મટાડે તત્કાળ. એમની અનહદ અને એહતુકી કૃપા જેમના જીવનને હૂંફ રૂપે મળે ત્યારે ભક્તિ રંગની ફોરમ ઘટઘટમાં પ્રસરી રહે છે. શૈશવકાળથી જ ગુરુ ભક્તિમાં જોતરાઈને સેવાકાર્યના યજ્ઞાર્થી બન્યા ત્યારે નારેશ્વરની ભૂમિમાં જાણે એમને અલખની ઓળખ થવાની શરૂઆત થતી લાગી. તન-મન-ધન સઘળું દીન દુઃખિયા અને નિરાધારોને ચરણએ મૂકી સદ્‌ગુરુ **શ્રી રંગ અવધૂતના આદેશ**ને જ ઈષ્ટ માની એમના રાજીપા માટે કાર્યશીલ રહ્યા છે, એવા શ્રી જગદીશાનંદજીની ષષ્ઠીપૂર્તિનો પ્રસંગ સમગ્ર શ્રી રંગ પરિવારો અને અનેક શુભેચ્છક સત્સંગીજનો માટે આનંદ અવસર બની રહેશે.

**શ્રી જગદીશાનંદજી**ના આ **૬૧મા જન્મોત્સવ નિમિત્તે** પ્રકાશિત થનાર **સ્મૃતિગ્રંથ**ને મારી શુભેચ્છા સાથે રંગબાળ એવા આદરણીય શ્રી જગદીશાનંદજીના ભક્તિમય શક્તિમય અને દીર્ઘાયુ જીવન માટે શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું. શ્રી રંગ ફોરમ અને આ સૌની શુભેચ્છાના સાદર સ્વીકાર સાથે...

સૌનો,

(નરેન્દ્ર મોદી)

To,
**Shree Yogeshkumar Pushpakant Shah,**
Suyog Clinical Laboratories,
Subhash Road, Anand - 388001.
E-mail: dys1961@gmail.com



નરેન્દ્ર મોદી

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય